# પ્રકરણ– ૫

# ઉપસંહાર

વિ.સં.૧૯૨૪ની દેવદિવાળીએ અથાત્ કાર્તિક પૂર્ણિમાએ રવિવારના દિવસે રાત્રે બે વાગ્યે પૂર્ણ ચંદ્ર જેવા પ્રભાવશાળી નરરત્ન શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો હતો. તેમનું જીવન એક ગૃહસ્થ યોગીનું જીવન હતું. શ્રીમદ્ રાજચંદ્ર એટલે આત્મશુદ્ધિ માટે સતત પુરુષાર્થ કરતા અને અપૂર્વ આત્મ પરાક્રમથી આત્મસિદ્ધિને પામેલા એક ઉચ્ચ કોટિના દિવ્ય આત્મા. તેમણે સંસારની જવારદારીઓ સંભાળતા સંભાળતા આત્માનો ત્વરિત ગતિથી વિકાસ સાધ્યો હતો. શ્રીમદ્ રાજચંદ્ર તો ચિંતક, પરમ હિતસ્વી, વિલાસી, આનંદી, નીરાગી તથા સત્યધર્માભિમુખ મહાન વિભૂતિ હતા. તેમણે જાણે જીવોનું કલ્યાણ કરવા માટે જ જન્મ લીધો હોય તેવું ઉપકારવંત તેમનું જીવન હતું.

શ્રીમદ્ રાજચંદ્રમાં સ્મરણશક્તિ, કવિત્વશક્તિ, અવધાનશક્તિ, જ્યોતિષનું જ્ઞાન વગેરે ખીલ્યાં હતા. તેથી જ તો તેઓ સાક્ષાત્ સરસ્વતીનું બિરુદ પામ્યા હતા. બાળપણથી જ તેમની સ્મરણશક્તિ ઘણી તીવ્ર હતી અને સમય જતાં તે શક્તિ વધારે ને વધારે ખીલવા લાગી. કવિત્વશક્તિ પણ તેમનામાં અદ્ભૂત હતી. આઠ વર્ષની ઉંમરે પહેલી પદ્યરચના તેમણે કરી હતી. અને ચૌદ–પંદર વર્ષે તો ‘કવિ’ તરીકેની ખ્યાતિ મેળવી ચૂક્યા હતા. ‘આત્મસિદ્ધિશાસ્ત્ર’ અને ‘અપૂર્વ અવસર’ જેવી તત્ત્વથી સભર પદ્યરચના લખવી એ તેમને રમતની વાત હતી.

શક્તિનાં પ્રદર્શન, લબ્ધિના પ્રચાર કે પ્રસિદ્ધિની લાલચથી તેઓ હંમેશા દૂર રહ્યા હતા. બધા જ મુમુક્ષુ જગતને નિષ્કારણ કરુણાથી ઉચ્ચ કક્ષાનું માર્ગદર્શન આપનાર સર્વતોમુખી મહાપુરુષને સામાન્ય લોકો ઓળખી શક્યા નહોતા અને એટલે તેમના ઉપદેશ વચનોનો વધારે પ્રમાણમાં લાભ લઈ શક્યા નથી. તેમનામાં નાની વયથી જ આધ્યાત્મિક શક્તિઓનો આવિર્ભાવ થયો હતો. એટલે જ અધ્યયનશક્તિ એને કવિત્વશક્તિની સાથે

જ્યોતિષનું જ્ઞાન પણ ખૂબજ સારા પ્રમાણમાં હતું. તેથી જેમ જેમ તેમની પ્રતિભાની જાણ લોકોમાં થતી ગઈ તેમ તેમ લોકસમુદાયમાં નિર્મળ તથા તેમના ઉપકારક અસ્તિત્વથી પ્રભાવિત થઈ લોકો તેમના તરફ આકર્ષવા લાગ્યા. તેમના જીવનમાંથી અધ્યાતમની અખૂટ, અનંત પ્રેરણા વહેવા લાગી.

તેત્રીસ વર્ષ અને પાંચ મહિનાના ટૂંકા આયુષ્યમાં પ્રામાણિક આત્મસાધના પ્રબળ પુરુષાર્થ દ્વારા મહાન સિદ્ધિ મેળવેલા પોતાના ઊંડા ચિંતન, વિશાળ વાંચન તથા વિશાળ અનુભવના ફળરૂપે ઉત્તમ ઉપદેશ વચનો આપનારા મહાપુરુષનું જીવન સર્વ સામાન્ય મનુષ્ય માટે પ્રેરણાદાયી હતું. તેમજ મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરનારા શ્રીમદ્‌ના ઈન્દ્રિય–અગોચર, કલ્પવૃક્ષ સમાન એવા અનંત ગુણોનો મહિમા ઘણો જ રસપ્રદ છે. બાહ્ય ક્ષેત્રમાં મેળવેલી સિદ્ધિઓની સાથે તેમણે કેટલીક આંતરિક શક્તિઓ પણ મેળવી હતી. માત્ર સાત વર્ષની ઉંમરે તેમને જાતિસ્મરણજ્ઞાન થયું હતું તથા તેમનામાં અવધિજ્ઞાન પણ ખૂબ હતું. આ બધી શક્તિઓ તેમને આત્માની નિર્મળતાના ફળરૂપે પ્રગટી હતી. અને તેથી જ તેઓ ભવિષ્યમાં બનનારા પ્રસંગોની આગાહી પણ કરી દેતા.

આત્માને મોક્ષ તરફ વાળવાના પુરુષાર્થ પાછળ પોતાનું સમગ્ર જીવન વ્યતીત કરવાનો નિર્ણય તેમણે નાની ઉંમરમાં જ કર્યો હતો. પરિણામે ૨૦ વર્ષની ઉંમરે તેમણે જાહેરક્ષેત્રનો ત્યાગ કર્યો હતો. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા પછી પણ તેમનું જીવન ધ્યેય બદલ્યું ન હતું. સંસાર, વેપારની જવાબદારીઓ વચ્ચે આધ્યાત્મિક વિકાસ સાધ્યો હતો. ડૉ. ભગવાનદાસ મહેતાએ લખ્યું છે કે–

‘‘ખરેખર! આ પુરુષરત્નને પામી ન્યાય ન્યાયપણું પામ્યો, કાવ્ય કાવ્ય બન્યું, અલંકારને અલંકાર સાંપડ્યો, રસમાં સરસતા આવી. કરમાયેલી શ્રુતવલ્લરી નવપલ્લવિત થઈ, યોગ કલ્પતરુ ફલભારથી નમ્ર બન્યો, યુક્તિ આગ્રહ મુક્ત થઈ, મુક્તિ જીવનમુક્તપણે પ્રત્યક્ષ થઈ, ભક્તિમાં શક્તિ આવી, શક્તિમાં વ્યક્તિ આવી, ધર્મમાં પ્રાણ આવ્યો, સંવેગમાં વેગ આવ્યો, વૈરાગ્યમાં રંગ લાગ્યો. સાધુતાને સિદ્ધિ સાંપડી, શાસનનું શાસન ચાલવા

લાગ્યું, દર્શનને સ્વરૂપદર્શન થયું, સ્પર્શજ્ઞાનનો અનુકૂળ સ્થાન મળ્યું, ચારિત્ર ચરિતાર્થ બન્યું, વચનને કસોટી માટે શ્રુતચિંતામણિ મળ્યો, અનુભવને મુખ જોવા દર્પણ મળ્યું, તત્ત્વમીમાંસા માંસલ બની, દર્શનવિવાદો દુર્બળ થયા, વાડાનાં બંધન ત્રૂટ્યાં, અખંડ મોક્ષમાર્ગ વિશ્વમાં વ્યાપી રહ્યો. અંધશ્રદ્ધાથી આંધી દૂર થઈ, સત્‌શ્રદ્ધાની જ્યોત પ્રગટી, કુગુરુની ઉત્થાપના થઈ, સાચા સદ્‌ગુરુની સંસ્થાપના થઈ, શુષ્કજ્ઞાનીઓની શુષ્કતા સુકાઈ, ક્રિયાજડોની જડતાથી જડ ઉખડી અને ધર્મ તેના શુદ્ધ વસ્તુધર્મ સ્વરૂપે પ્રસિદ્ધ થયો.''[૧]

આમ, શ્રીમદ્ રાજચંદ્રના જીવનનું મૂલ્યાંકન શબ્દોમાં કયારેય થઈ શકે નહીં, તેમણે સંસારમાં રહીને પણ ધર્મસાધના કરી હતી. તેમના જીવનમાં સદ્‌ગુરુનું ઘણું જ મહત્ત્વ રહ્યું હતું. તેમજ આત્મમંથનનાં પરિણામે તેમણે કેટલાંક સત્યની શોધ કરી હતી. તેમનું આંતરિક જીવન ભિન્ન પ્રકારનું હતું. મહાત્મા ગાંધીએ પણ તેમના ભાષણોમાં તથા તેમની 'આત્મકથા'માં શ્રીમદ્ રાજચંદ્રનો ઋણ સ્વીકાર ઘણીવાર કર્યો હતો. ગાંધીજી શ્રીમદ્‌ને પોતાના આધ્યાત્મિક ગુરુ પણ માનતા હતા. ગાંધીજી જેવી વિશ્વવિખ્યાત વ્યક્તિ પરની તેમની પ્રબળ અસર તથા મહત્તા જોઈ ઘણા લોકો પ્રેરાઈને શ્રીમદ્‌ના જીવન તથા સાહિત્યનો અભ્યાસ કરવા લાગ્યા.

તત્ત્વશિરોમણી, પરમ ત્રિવેદી કરુણામૂર્તિ શ્રીમદ્ રાજચંદ્રની પોતાના તત્ત્વલક્ષી તેમજ સાધના પ્રધાન સાહિત્યની અમૂલ્ય ભેટ લોકસમુદાયને આપતા ગયા. તેમનાં દરેક વાક્ય, શબ્દ અધ્યાત્મનાં રંગથી રંગાયેલા હતા. તેમનું સમગ્ર લખાણ વાંચવાથી જાણવા મળે છે કે તેમણે અધ્યાત્મ સિવાય બીજી કોઈ વાત નથી કરી. સમગ્ર સાહિત્યનાં કેન્દ્રસ્થાને " આત્મા" રહ્યો છે તથા તેમના લખાણોમાં વૈરાગ્યની ધારા નિરંતર વહે છે તથા સર્વત્ર ઉદાસીનતાનું દર્શન થાય છે. લખાણોની મૌલિકતા, ગંભીરતા વગેરે ઉપરથી ચારિત્ર ઘડતર વિશેષપણે છે. જૈન સાહિત્યની દષ્ટિએ તેમના લખાણોનું મૂલ્ય વિશેષ છે. અંતરમાં રહેલો વૈરાગ્ય પાને પાને પ્રગટ થયો છે.

જૈન–જૈનેતર સૌ કોઈ શ્રીમદ્‌ની મહાનતાને તથા પોતાના પર પડેલા પ્રભાવને અલગ દષ્ટિથી નિહાળે છે. તેમના લખાણોમાં જૈન તત્ત્વજ્ઞાનનું આબેહૂબ નિરૂપણ, જૈન ધર્મનો નિચોડ જોવા મળે છે. તેમણે જૈન ધર્મને કોઈ સંપ્રદાયનું સ્વરૂપ આપ્યું નથી, માત્ર સર્વ સમ્મતરૂપ જ આપ્યું છે. તેમનાં લખાણોનું મહત્ત્વ સમજાવતા પંડિત સુખલાલજી લખે છે કે–

“છેલ્લા ત્રણચાર દશકા થયાં જૈન સમાજમાં નવીન પ્રજાને નવીન કેળવણી સાથે ધાર્મિક અને તત્ત્વજ્ઞાન સંબંધી જૈન શિક્ષણ આપી શકે એવાં પુસ્તકોની ચોમેરથી અનવરત માંગણી થતી જોવામાં આવે છે. અનેક સંસ્થાઓ એ પોતપોતાની શકયતા પ્રમાણે આવી માગણીને પહોંચી વળવા કાંઈ ને કાંઈ પ્રયત્ન સેવ્યા છે. તેમજ નાનાંમોટા પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. પણ જયારે નિષ્પક્ષભાવે એ બધાં વિશે વિચાર કરું છું, ત્યારે મને સ્પષ્ટ લાગે છે કે એ બધા પ્રયત્નો અને લગભગ એ બધું સાહિત્ય શ્રીમદ્‌નાં લખાણો સામે બાલિશ અને કૃત્રિમ જેવું છે.”[૨]

શ્રીમદ્ ફકત શાસ્ત્ર પંડિત જ નહોતા પણ તેમનું જીવન જ્ઞાન આધ્યાત્મિક અનુભૂતિઓ પર હતું. તેમનું સાહિત્ય જોઈએ તો ગદ્ય અને પદ્ય બંને પ્રકારની રચનાઓ કરી હતી. તેમાં ચિંતન, મનન અને અનુભવની સચોટતા હતી. આત્મસાક્ષાત્કારનો ઉલ્લાસ અને આનંદ હતા. તેમનું કવન આત્માના ઊંડાણમાંથી સહજ ભાવે પ્રગટતું હતું. ને થોડા શબ્દોમાં ઘણું કહેવાની અસાધારણ શક્તિ તેમનામાં હતી. સાદી સરળ ભાષાશૈલી તથા શબ્દોની ચમત્કૃતિ, અર્થમાધુર્યથી સભર છે. શ્રીમદ્‌ના શબ્દો આત્માના ઊંડાણમાંથી નિકળી હૃદયમાં વસી જાય એવા હૃદયસ્પર્શી અને માર્મિક હતા. આ વિશે ગાંધીજી લખે છે કે–

“ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાના વિચારો બતાવતાં કોઈ દિવસ શબ્દ ગોતવો પડ્યો છે એમ મને યાદ નથી. કાગળ લખવા બેસે ત્યારે ભાગ્યે જ શબ્દ બદલાવતાં મેં તેમને જોયા હશે; છતાં વાંચનારને એમ નહિ લાગે કે કયાંયે વિચાર અપૂર્ણ છે કે વાકયરચના તૂટેલી છે, અથવા શબ્દની પસંદગીમાં ખોટ છે.”[૩]

શ્રીમદ્‌નું જીવન પ્રેરક ઘટનાઓથી સભર છે તથા સજીવન પારસમિણ સમાન હતું. આમ, વિ.સં.૧૯૫૭ના ચૈત્ર વદ ૫ના મંગળવારના દિવસે બપોરના બે વાગ્યે રાજકોટમાં શ્રીમદ્‌નો દેહવિલય થયો હતો.

આમ, પરમ જ્ઞાનમૂર્તિ શ્રીમદ્‌નો પાર્થિવદેહ ભલે આપણી વચ્ચે નથી. પરંતુ તેમનો અમૃતરૂપી અક્ષરદેહ હંમેશાં આપણી સાથે જ છે જે કોઈ તેમનાં અમૃત સરોવરમાં નિમજ્જન કરશે તે ભવપાર થઈ જશે. પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી સૂર્ય સમાન સ્વયં પ્રકાશમાન અને સદાય જયવંત છે.

પરમ કૃપાળુ, પરમ કલ્યાણમૂર્તિ, પરમ જ્ઞાનમૂર્તિ એવા શ્રીમદ્ રાજચંદ્રજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

# ❖ પાદટીપ ❖


૧. ‘અધ્યાતમ રાજચંદ્ર’, ડૉ. ભગવાનદાસ મહેતા, ત્રીજી આવૃત્તિ, પૃ.૧૦

૨. ‘દર્શન અને ચિંતન’, ભાગ–૨, પંડિત સુખલાલજી, પૃ.૭૮૮

૩. ‘રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો’, ગોપાલભાઈ જીવાભાઈ પટેલ, બીજી આવૃત્તિ, પૃ.૯૫